કામગીરી મૂલ્યાંકન અહેવાલ (Performance Appraisal Report)ની પ્રક્રિયા "સાથી" એપ્લીકેશન પર 'ઓનલાઇન' હાથ ધરવા બાબત..

**ગુજરાત સરકાર**

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પરિપત્ર ક્રમાંકઃપીએઆર/૧૦/૨૦૧૯/૧૪૭૬૨૨/ઝ.

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૨૦/૦૪/૨૦૧૯

**વંચાણે લીધાઃ-**

સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૧/૦૩/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃખહલ/૧૦/૨૦૧૮/૮૦૭૯૨/ક

**પરિપત્રઃ**

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ "સાથી" પોર્ટલ પર પ્રોસેસ કરવાનો નિર્ણય થયેલ હોઇ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના ગુજરાત વહીવટી સેવા(જુનીયર સ્કેલ),વર્ગ-૧ અને તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ ના અધિકારી માટે આ અંગે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે .

(૧) ગુજરાત વહીવટી સેવા(જુનીયર સ્કેલ), વર્ગ-૧ અને તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ ના સર્વે અધિકારીઓના કામગીરી મૂલ્યાંકન અહેવાલ "સાથી" એપ્લીકેશન પર ઓનલાઇન રજૂ કરવાના હોઇ, આ વિભાગ હસ્તકના ગુજરાત વહીવટી સેવા(જુનીયર સ્કેલ), વર્ગ-૧ના કિસ્સામાં આ વિભાગની ઝ-શાખા દ્વારા તથા તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ ના કિસ્સામાં વિકાસ કમિશનર કચેરી, ગાંધીનગર દ્વારા કામગીરી મૂલ્યાંકન અહેવાલ "સાથી" પોર્ટલ પર ક્રિએટ કરીને સંબંધિત અધિકારીઓના "સાથી" એકાઉન્ટમાં મોકલવામાં આવેલ છે.

જેમાં કોઇ હકીકત દોષ જણાય તો ગુજરાત વહીવટી સેવા(જુનીયર સ્કેલ), વર્ગ-૧ના કિસ્સામાં આ વિભાગની ઝ-શાખા[ટેલિફોન નંબર ૦૭૯-૨૩૨-૫૧૧૩૮] પર તથા તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ ના કિસ્સામાં વિકાસ કમિશનર કચેરી, ગાંધીનગર[૦૭૯-૨૩૨-૫૪૦૭૦] પર સંપર્ક કરવાનો રહેશે.

(૨) વર્ષ ૨૦૧૭-૧૮ માટે આ અધિકારીઓના કામગીરી મૂલ્યાંકન અહેવાલની પ્રક્રિયા ઓનલાઇન કરવાની રહેશે. અહેવાલ લેખન અંગ્રેજી ફોન્ટમાં અથવા ગુજરાતીમાં ફક્ત ઇન્ડીક 'શ્રુતિ' ફોન્ટમાં કરવાનું રહેશે .

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૦૩/૨૦૧૮ના ઠરાવ અન્વયે કામગીરી મૂલ્યાંકન અહેવાલની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે નક્કી થયેલ નીચે દર્શાવેલ સમયમર્યાદાનું ચુસ્તપણે પાલન કરવા માટે ગુજરાત વહીવટી સેવા(જુનીયર સ્કેલ), વર્ગ-૧ અને તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ ના સર્વે અધિકારીઓ, તેઓના અહેવાલ લખનાર અધિકારીઓ તથા સમીક્ષક અધિકારીઓને વિનંતી કરવામાં આવે છે.

| ક્રમ | પ્રવૃત્તિ | કામગીરી પૂર્ણ કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|
| (૧) | અહેવાલ હેઠળના અધિકારી દ્વારા સ્વ-મૂલ્યાંકન | ૧૫/૦૫/૨૦૧૯ |
| (૨) | અહેવાલ લખનાર અધિકારી દ્વારા મૂલ્યાંકન | ૧૫/૦૬/૨૦૧૯ |
| (૩) | સમીક્ષક અધિકારી દ્વારા સમીક્ષા | ૧૫/૦૭/૨૦૧૯ |

ઉક્ત સમય મર્યાદાનું પાલન નહી થવાના કિસ્સામાં અહેવાલ આપોઆપ ત્યાર બાદના ઉપરીના અધિકારીના "સાથી" એકાઉન્ટમાં સ્થાનાંતરિત થશે તેની નોંધ લેવા વિનંતી છે.

(૪) "સાથી" એપ્લીકેશન પર કામગીરી મૂલ્યાંકન અહેવાલ ઓનલાઇન પ્રોસેસ કરવા અંગેની વિગતવાર સમજૂતી દર્શાવતી માહિતી અને વિડિયો માર્ગદર્શિકા "સાથી" વેબપોર્ટલ https://sathi.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.

(૫) તમામ રાજ્યપત્રિત અધિકારીઓ તેઓના કામગીરી મૂલ્યાંકન અહેવાલ સમયસર રજૂ કરે તે જોવા સંબંધિત કચેરીઓના વડાને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કૌશિક રાજદે )
સેક્શન અધિકારી
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(ગ્રામ વિકાસ), બ્લોક નં. ૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, બ્લૉક નં. ૧૬/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

- કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, બ્લોક નં.૧૪, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, ડફનાળા, અમદાવાદ.
- અધિક કલેકટરશ્રી(સિંચાઇ), અમદાવાદ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- નિયામકશ્રી, રાજ્ય ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થા, "શશીકુંજ", જુનાગઢ.
- ઉપ સચિવશ્રી(HRMS Cell), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(ખ-૨ શાખા), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.(સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત)
- આ વિભાગ હસ્તકના ગુજરાત વહીવટી સેવા(જુનીયર સ્કેલ),વર્ગ-૧ સર્વે અધિકારીશ્રીઓ.**(આ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરીને)**
- પસંદગી ફાઇલ-૨૦૧૯.